ક્રમાંક : કૃષમ/૧૩૨૦૧૦/૩૬૮૮/મ.૩

કૃષિ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા : ૨૧/૨/૨૦૧૧

21 FEB 2011

પ્રતિ,

-સર્વે કલેક્ટરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રી

-સર્વે મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી

વિષય : કૃષિ મહોત્સવ ૨૦૧૧ - માર્ગદર્શક સૂચનાઓ

શ્રીમાન,

રાજ્યમાં કૃષિ ક્ષેત્રમાં લોકભાગીદારીથી ગ્રામ કક્ષાએ અધુનિક ઓજારો, કૃષિ પધ્ધતિઓ, જળ સંચય અને વિજળી સંચયના કાર્યક્રમો ખેડૂતો સુધી પહોંચે તે માટે રાજ્ય સરકારનો આગવો અભિગમ રહ્યો છે. જેમાં કૃષિ લક્ષી અને ગ્રામ વિકાસને લગતા કાર્યક્રમોનું આયોજન કરી કૃષિ સહાય, વૈજ્ઞાનિક માર્ગદર્શન અને સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

કૃષિ મહોત્સવ એ ખેતી વિસ્તરણ અને ખેડૂતોને નજીક લાવવાની યોજના છે. કૃષિ મહોત્સવ ૨૦૦૫ થી ૨૦૧૦ની સિધ્ધીઓ અને ઉત્તમ પરિણામો ધ્યાને લેતાં તારીખ ૬/૫/૨૦૧૧ અખાત્રીજના દિવસથી શરૂ થનાર ૩૦ દિવસ માટેનો આગામી કૃષિ મહોત્સવ વધુ લોક ભોગ્ય બને, વધુ ખેડૂતો ખાસ કરીને મહિલાઓ ભાગ લે અને તાલુકા કક્ષાએથી તેનુ આયોજન અને અમલીકરણ થાય તેવું માનનીય મુખ્ય મંત્રીશ્રીનું સૂચન છે.

કૃષિ રથની કામગીરી આ વર્ષે તાલુકા કક્ષાએથી હાથ ધરાય, તેમાં થીમ, પેનલ, રથની ડીઝાઈન તાલુકા કક્ષાએથી નક્કી કરાય. તાલુકાને લગતા સ્થાનિક પાકોને અનુરૂપ થીમ હોય તે જરૂરી છે. આવી ત્રણ થી વધુ થીમ લેવી નહી. કૃષિ રથની ડીઝાઈન તાલુકા કક્ષાએ નક્કી કરવામાં આવે. તેમાં કોઈ મુશ્કેલી અનુભવાય તો ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝની મદદ/માર્ગદર્શન લઈ શકાશે. કૃષિ રથ માટે ટ્રેક્ટરનો અથવા લાંબા રૂટ માટે આઈસરનો ઉપયોગ કરવામાં આવે તે હિતાવહ છે. જો તાલુકા ઈચ્છે તો ગુજરાત એગ્રોની નક્કી કરેલ પેનલ અથવા પોતાની પેનલ પસંદ કરી શકશે.

કૃષિ મહોત્સવ યોજનાનું ઉત્તમ મોડલ પસંદ કરવા અંગેની જીલ્લા કક્ષાની હરીફાઈ માર્ચના અંત સુધીમાં પૂર્ણ થઈ જાય તે જરૂરી છે. આ રીતે પસંદ કરેલા મોડેલમાંની સારી બાબતોનો અન્ય મોડેલમાં પણ સમાવેશ કરવા અંગે જિલ્લા કક્ષાએ નિર્ણય લેવો.

કૃષિ રથ વખતે વધુ ખેડૂતો/લોકો ભાગ લે તે હેતુ થી ફેરણી નો સમય સાંજના ૪.૦૦ થી ૧૦.૦૦ રાખવાનું સૂચન છે. તેમ છતાં જે વિસ્તારમાં ખેતી કાર્યમાં મહિલાઓનું પ્રમાણ વધુ છે અને મહિલાઓ જાતે કામ કરે છે ત્યાં (દા.ત. દાહોદ) સ્થાનિક મહિલાઓને અનુકુળ હોય તેવો સમય રાખી શકાશે. ખેત મજૂરો, ખેતી કાર્યનો સ્થાનિક સમય વગેરે ધ્યાનમાં રાખી દાત. ખાંડ ફેક્ટરીમાં કામ કરતા, બી.ટી કોટનમાં પાકનું મેનેજમેંટ, દૂધની ડેરીનો સમય, વગેરે ધ્યાને રાખી વધુને વધુ લોકો એકત્રીત થાય તે ખાસ જોવું. ઓછામા ઓછા ૫૦% ખેડૂતો કૃષિ રથ વખતે હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવી.

કૃષિ રથ વખતે પ્રગતિશીલ ખેડૂતોને આમંત્રી તેમના ખેતી વિષયક અનુભવોનો વધુ લાભ લઈ શકાય તે રીતે કાર્યક્રમોનું આયોજન કરવું. આગળ પડતા અને પ્રગતિશીલ ખેડૂતોના નામ તથા સિધ્ધી બોર્ડમાં ફોટા સહિત ગ્રામ્ય કક્ષાએ પ્રદર્શિત કરી શકાય, જેથી અન્યોને પ્રોત્સાહન મળે. રાજ્ય બહારના નિષ્ણાતોને બોલાવી તેમના કૃષિ વિષયક જ્ઞાન અને વક્તવ્યનો લાભ આપી શકાય. જ્યાં બહેનોનું પ્રમાણ વધુ છે, ખેતીમાં બહેનો વધુ ભાગ લે છે ત્યાં બહેનો માટે ખાસ કાર્યક્રમ યોજાય તો સારું. દા.ત. પેડી ટ્રાન્સપ્લાન્ટર્સ જેવા મશીનોનું ડેમોન્સ્ટ્રેશન કરી તે અંગે તાલીમ અપાવી શકાય.

કૃષિ રથ ની ફેરણી વખતે કીટ્સનું વિતરણ થાય છે. સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે નક્કી કરેલ લાભાર્થી કીટ્સ વિતરણ વખતે ઘણી વખત હાજર રહેતા નથી. આથી લાભાર્થીઓની યાદી અગાઉથી તૈયાર કરી અને તેમાં થોડા વધારે લાભાર્થીઓના નામ (પ્રતિક્ષા યાદી) પણ તૈયાર રાખવા, જેથી હાજર હોય તે લાભાર્થીને તાત્કાલિક સ્થળ પર વિતરણ કરી શકાય. ટૂંકમાં જરૂરીયાતમંદ લાભ મેળવનાર વ્યક્તિએ ખરેખર હાજર રહેવું અનિવાર્ય છે.

કૃષિ રથ વખતે કૃષિ વિષયક બાબતોનું ચીજ વસ્તુઓ / સાધન સામગ્રીનુ માર્કેટીંગ થાય તે જોવું. ખેડૂતોને ખરીદીને લગતી કૃષિ વિષયક તમામ ચીજ વસ્તુ દા.ત. ઓજારો, પ્રમાણિત બીજ, દવા, તમામ તે દિવસે મળે. આ દિવસે તમામ પ્રકારનું બિયારણ રાહત દરે આપી શકાય. આપે જે બિયારણની માંગ હોય તે જાણી લઈ, તેના રાહત દરનાં ભાવ અગાઉથી નક્કી કરી તે અંગેનો ગામમાં પ્રચાર કરવાનો રહેશે. મંડળી/સંસ્થાઓ વગેરે સાથે ચર્ચા કરી ઓજારોનું પણ રાહત દરે વેચાણ કરી શકાય. આમાં પણ લાભાર્થીઓની યાદી બનાવી શકાય અને તેમાં પણ વધારાના નામોનો સમાવેશ કરી પ્રતિક્ષા યાદી બનાવી શકાય.

૧૫મી માર્ચ સુધીમાં વ્યક્તિગત સહાય યોજનાની તમામ અરજીઓ એકત્રીત કરવી અને અરજી અંગેની આનુસાંગિક તમામ કાર્યવાહી (મંજૂરી સુધીની) ૫મી એપ્રિલ ૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. ત્યાર બાદ આ અંગે ગ્રામ સભામાં તેનુ વાંચન થઈ જાય કે જેથી યોજનામાં પારદર્શકતા આવે.

જિલ્લા કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી અન્ય સબંધિત અધિકારીઓનો જિલ્લા સમિતિમાં સમાવેશ કરશે.તથા તાલુકા કક્ષાએ પણ કામગીરીને અનુરુપ સમિતિનુ ગઠન કરવાનું રહેશે. તાલુકા કક્ષાએ કઈ કામગીરીને પ્રાધાન્ય આપવું તે તેમણે નક્કી કરવાનું રહેશે. આ કામગીરીમાં તાલુકા પદાધિકારી, APMC, ડેરી તથા સ્થનિક સહકારી બેંકનો સહયોગ લઈ કામગીરી ઉત્તમ રીતે પાર પાડે તે રીતે વ્યવસ્થા ગોઠવવા અનુગ્રહ છે. સમગ્ર કામગીરીમાં જિલ્લા કક્ષાની સમિતિ અને તાલુકા સમિતિમાં જિલ્લાના પદાધિકારી અને તાલુકાના પદાધિકારીઓને યોગ્ય સ્થાને વિશ્વાસ માં લેવામાં આવે તે અત્યંત જરૂરી છે.

જિલ્લા કક્ષાએથી તાલુકા થીમ ફાઈનલ કરવી, તાલુકા માટે કૃષિ મહોત્સવ અંગેનું માર્ગદર્શન, રૂટની ચકાસણી વગેરે અંગે જિલ્લા કક્ષાએથી કામગીરી કરવાની રહેશે. આ અંગે રાજ્ય સરકાર તરફથી જરૂરી તમામ મદદ મળી રહેશે. પરંતુ આ માટે જરૂરી માંગણી સંકલિત કરી. રાજ્ય સરકારને આવેલ જરૂરીયાતો બાબતે સમયસર જાણ કરવાની રહેશે.

ગામમાં કૃષિ રથ આવતા પહેલાં કૃષિ અને બાગાયતિ પાકોમાં વધારો કરવા માટે લોકોની માંગણી અને સૂચનો મેળવવા માટે વર્કશોપ નું આયોજન થઈ શકે છે. ખેડૂતો સાથેનો વાર્તાલાપ અને ચર્ચા સામાન્ય રીતે સ્થાનિક અને લોકભોગ્ય ભાષામાં થાય તેવી આશા રાખવામાં અવે છે. આવી ચર્ચાઓ, ખેડૂતોની ફરિયાદો, સૂચનો અને વૈજ્ઞાનિકોના વક્તવ્યના રેકોર્ડીંગ હેન્ડીકેમ દ્વારા કરી લેવામાં આવે. તે સિવાય કૃષિ રથ પહોંચે અને વિદાય થાય તે ઘટનાઓ પણ હેન્ડીકેમ અને મોબાઈલથી રેકોર્ડીંગ કરી તેની ક્લીપ મોકલી આપવાની રહેશે.

ગામના ખેડૂતોને કેવા બિયારણની જરૂર છે તે અગાઉથી જાણી લઈ ગુજરાત સીડ કોર્પોરેશન મારફત ખેડૂતોની માંગણી મુજબના બીજ તે દિવસે ખેડૂતોને મળી રહે તે મુજબનું આયોજન કરવાનું રહેશે. દા.ત. બી.ટી કોટન અને તેની સાથે Micro Nutrient, દિવેલા, ડાંગર, મકાઈ, કઠોળ પાક, શાકાભાજીના પાકો, વગેરેમાં સ્થનિક પરિસ્થિતિને અનુકૂળ જાતો સાથેના બિયારણનું માર્કેટીંગ (બજાર) વ્યવસ્થા ઉભી કરી બિયારણ ખેડૂતોને માંગણી મુજબ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

ગામમાં જે ખેડૂતોનું પાક ઉત્પાદન સામાન્ય સરેરાશ કરતા ઓછું આવે તેની યાદી બનાવી, વધુ ઉત્પાદન મેળવવા માટે ચર્ચા વિચારણા કરી સમજણ આપવામાં આવે તે જરૂરી

છે. આ કામગીરી કૃષિ રથના આગલા દિવસોમાં પણ કરી શકાય. આવા ટાર્ગેટેડ ગ્રુપ (લક્ષ્યાંક જૂથો)ઉભા કરી વધુ ફાયદા મેળવી શકાય.

પશુ ઘાસચારાની જરૂરીયાતને ધ્યાનમાં લઈ ડેરી સાથે સંકલન કરી જરૂરીયાતને પહોંચી વળવા આયોજન કરવું. પોષણ માટે શાકભાજી દા.ત. સરગવો, કંકોડા વગેરેનું આયોજન કરી શકાય. તાલુકા કક્ષાએ અળસિયાનું ઉત્પાદન કરવા આયોજન કરવા અનુગ્રહ છે.

કૃષિ રથ પહેલાં ગામમાં ચાર-પાંચ ખેડૂતોને કે જેઓ હાઈ ટેક્નોલોજીથી પરિચિત હોય અને ઉપયોગ કરી શકે તેમના સંમેલન અને ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન દાત. નેટ હાઉસ, ગ્રીન હાઉસ, પેક હાઉસ વગેરે બાબતોના કરી શકાય જેથી કૃષિ રથ દરમ્યાન તેઓ અન્ય ગ્રામજનો સમક્ષ પોતાની જાણકારી રજૂ કરી શકે. આ સિવાય તેઓનો જિલ્લા બહાર પણ પ્રવાસ ગોઠવી તેમને તે વિસ્તારના પાકો (દા.ત. આદુ, લસણ, બટાકા, ડુંગળી વગેરે)માં વપરાતી અધ્યતન પદ્ધતિ નું જ્ઞાન આપી શકાય અને તેમના આ જ્ઞાનનો લાભ બીજા ખેડૂતોને આપવા માટે આવા ખેડૂતોના વક્તવ્ય ગોઠવી શકાય .

ગ્રામ કક્ષાએ શાળાના આચાર્ય, એગ્રો બીઝનેસમેન, આરોગ્ય કેન્દ્ર, સ્વૈચ્છીક સંસ્થાઓ, સખી મંડળ, સહકારી મંડળીઓ, ફાર્મર્સ ક્લબ, વિશિષ્ટ ખેડૂત જૂથો, ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ વગેરે નો સમાવેશ કરી શકાશે. આ અંગે સબંધિત તાલુકાના અધિકારીએ જાતે નક્કી કરવાનું રહેશે.

વર્ષ ૨૦૧૧-૧૨ માટે કૃષિ અને બાગાયત યોજનાઓ હેઠળની તાલુકાવાર લક્ષ્યાંકની ફાળવણી કરવામાં આવેલ છે. તેથી કયા તાલુકાને શું આપી શકાય તેનું અગાઉથી આયોજન થઈ ગયેલ હોઈ , ગ્રામ્ય કક્ષાએ ખેડૂતોને શું આપી શકાય તે જોવાનુ રહે છે. દરેક ગામમાં નિદર્શન, બ્લોક ડેમોન્સ્ટ્રેશન, બીજનું વિતરણ, ખેડૂત તાલીમ ચાલુ થાય તેની આગોતરી ગોઠવણ કરવાની રહે છે. ઉપરાંત વધુ બહેનો તેનો લાભ લે તે હેતુ પણ ધ્યાને રાખવાનો રહેશે.

ઘણાં વિસ્તારમાં ખેત મજૂરો મારફતે કામગીરી થાય છે. ખેત સુધાર તેમના ઉપર નિર્ભર છે. ત્યારે આવા લોકો સુધી અધ્યતન જ્ઞાન કેવી રીતે પહોંચાડી શકાય તે અંગે તાલુકા કક્ષાએ આયોજન કરવાનું રહે છે.

કૃષિ મહોત્સવ દરમ્યાન સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવાનું રહે છે. ચાલુ વર્ષે સમગ્ર રાજ્ય માં ૧૧ લાખ જમીનના ચકાસણીના નમૂના લેવાના છે તેથી તાલુકાવારનું તે મુજબ આયોજન કરવાનું રહે છે.

સ્થાનિક પ્રચાર પ્રસારની કામગીરી કેવી રીતે હાથ ધરવી તે તાલુકા અને જિલ્લા કક્ષાએ નક્કી કરવાનું રહે છે. કૃષિ મહોત્સવ દરમ્યાન રોજેરોજ થતી કામગીરીની વિગતો ઓનલાઇન મોકલી આપવાની વ્યવસ્થા કરવાની રહેશે.

અમો આશા રાખીએ છીએ કે આ કામગીરી માં આપના જિલ્લાના માન. પ્રભારી મંત્રીશ્રી તથા પ્રભારી સચિવશ્રીનો વિશ્વાસ મેળવી તેમના જ્ઞાન અને અનુભવનો લાભ લેશો.

દરેક કલેક્ટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અનુગ્રહ કરવામાં આવે છે કે તેઓ દર ૧૫ દિવસે ઈ-મેઈલથી કૃષિ મહોત્સવ સંબંધી થયેલ તમામ કામગીરી અને વિગતોથી રાજ્ય સરકારને અવગત કરે. તથા આપને જો કોઈ જરૂરીયાત હોય કે પ્રશ્ન હોય તો તે અંગે સરકારનું ધ્યાન દોરવા વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(આર.ટી ક્રિશ્ચિયન)
નાયબ સચિવ,
કૃષિ અને સહકાર વિભાગ

નકલ રવાના :-

- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, (કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રી / રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ.પા, મ.ઉ. ગૌસં.), કૃષિ અને સહકાર વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી (સચિવાલયના સર્વે વિભાગો).
- કૃષિ અને સહકાર વિભાગના સર્વે અધિકારીઓ
- સર્વે ખાતાનાં વડા / બોર્ડ /નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ / સંસ્થા/ એજન્સી (કૃષિ અને સહકાર વિભાગના નિયંત્રણ હેઠળના)
- સર્વે જિલ્લા ખેતી / બાગાયત / પશુપાલન / મત્સ્યોદ્યોગ / રજીસ્ટ્રાર (સહકારી મંડળીઓ) મદદનીશ નિયામક (જમીન સંરક્ષણ- જમીન વિકાસ નિગમ)
- વિભાગની સર્વે શાખાઓ (રોકડ, ટાઈપ, રજીસ્ટ્રી સિવાય)